# આપનો યુગનિર્માણ સત્સંકલ્પો

## નવયુગનો ઘોષણા પત્ર

- આ પરમાત્માના સંકલ્પ દ્વારા જ આ સૃષ્ટિની રચના, વિકાસ અને વિલય થતો રહ્યો છે. પરમાત્માની શ્રેષ્ઠ રચના રૂપી મનુષ્ય પણ પોતાના સમાજ તથા સંસારને સંકલ્પોના આધારે જ બનાવતો, બદલતો રહ્યો છે.
- આ સમય નવયુગના સર્જનનો મહત્ત્વનો સમય છે. **નેસ્ટ્રોડોમસથી** લઈને સ્વામી વિવેકાનંદ અને શ્રી અરવિંદ સુધ્ધાએ આ સમયને નવસર્જનની ઈશ્વરની યોજનાનો મહત્ત્વનો કાળ માન્યો છે. યુગઋષિ વેદમૂર્તિ તપોનિષ્ઠ પં.શ્રીરામ શર્માએ આ મહત્ત્વના સમયમાં જનજનને ઈશ્વરની સાથે ભાગીદારી કરવા માટે આમંત્રણ પાઠવ્યું છે અને પ્રેરિત કર્યા છે. નવસર્જનની ઈશ્વરની યોજનાને તેમણે યુગ નિર્માણની યોજના કહી છે.
- યુગનિર્માણના ઈશ્વરના સંકલ્પમાં દરેક નિષ્ઠાવાનની ભાગીદારી માટે તેમણે આ સત્સંકલ્પની રચના કરી છે. તેના ૧૮ આદર્શો ગીતાના ૧૮ અધ્યાય સમાન સારગર્ભિત છે. આ આદર્શોની રચના એવી કુશળતા સાથે કરવામાં આવી છે કે આ વિસ્તાર ભૌગોલિક ભેદ અને મનુષ્યના જાતિવાદના ભેદભાવથી પર, સૌને માટે અનુકરણીય અને ઉપયોગી છે. આ આદર્શોનું પઠન કરતા તેને જીવનના અભ્યાસમાં ઉતારી તમામ સાધક ઈશ્વરની ભાગીદારી નિભાવતા અનુપમ લૌકિક અને અલૌકિક લાભ પ્રાપ્ત કરી શકે છે.
- **વ્યક્તિગત અને સામૂહિક રૂપે નિયમ પૂર્વક, ધીરે ધીરે સમજી અને શ્રધ્ધાપૂર્વક તેનું વાંચન કરો.**

૧. અમો ઈશ્વરને સર્વવ્યાપી, ન્યાયકારી માની તેના આદર્શોને પોતાના જીવનમાં ઉતારીશું.
૨. શરીરને ભગવાનનું મંદિર સમજી આત્મ-સંયમ અને નિયમિતતા પૂર્વક આરોગ્યનું રક્ષણ કરીશું.
૩. મનને કુવિચારો અને દુર્ભાવનાઓથી બચાવી રાખવા માટે સ્વાધ્યાય અને સત્સંગની વ્યવસ્થા રાખીશું.
૪. ઈન્દ્રિય સંયમ, અર્થ સંયમ, સમય સંયમ અને વિચાર સંયમનો સતત અભ્યાસ કરીશું.
૫. પોતાની જાતને સમાજનું અભિન્ન અંગ માનીશું અને સૌના હિતમાં પોતાનું હિત સમજીશું.
૬. મર્યાદાઓનું પાલન કરીશું, વર્જનાઓથી બચીશું, નાગરિક કર્તવ્યોનું પાલન કરીશું.
૭. સમજદારી, ઈમાનદારી, જવાબદારી અને બહાદુરીને જીવનનું અવિચ્છિન્ન અંગ માનીશું.
૮. .ચારે બાજુ મધુરતા, સ્વચ્છતા, સાદગી અને સજ્જનતાનું વાતાવરણ ઉત્પન્ન કરીશું.
૯. અનીતિથી પ્રાપ્ત થયેલ સફળતાની અપેક્ષાએ નીતિ પર ચાલતા નિષ્ફળતાને શિરોધાર્ય કરીશું.
૧૦. મનુષ્યના મૂલ્યાંકનની કસોટી તેની સફળતાઓ, યોગ્યતાઓ અને વિભૂતિઓને નહીં, તેના સદ્‌વિચારો અને શ્રેષ્ઠ કર્મોને માનીશું.
૧૧. બીજાઓ સાથે એવો વ્યવહાર નહીં કરીએ, કે જે અમોને પોતાના માટે પસંદ નહીં હોય.
૧૨. સ્ત્રી અને પુરુષ પરસ્પર પવિત્ર દૃષ્ટિ રાખીશું.
૧૩. સંસારમાં શ્રેષ્ઠ પ્રવૃત્તિઓને પવિત્ર પ્રસાર માટે પોતાનો સમય, પ્રભાવ, જ્ઞાન, પુરુષાર્થ અને ધનનો એક ભાગ નિયમિત રૂપે લગાવતા રહીશું.
૧૪. પરંપરાઓની તુલનામાં વિવેકને મહત્ત્વ આપીશું.
૧૫. સજ્જનોને સંગઠિત બનાવવા, અનીતિનો સામનો કરવા અને નવસર્જનની પ્રવૃત્તિઓમાં પૂરેપૂરી રુચિ લઈશું.
૧૬. દેશની એકતા અને સમાનતા પ્રત્યે નિષ્ઠાવાન રહીશું. જાતિ, લિંગ, ભાષા, પ્રદેશ, સંપ્રદાય વગેરેના કારણે પરસ્પર કોઈ ભેદભાવ નહીં રાખીએ.
૧૭. મનુષ્ય સ્વયં પોતાના ભાગ્યનો ઘડવૈયો છે, આ વિશ્વાસના આધારે અમારી માન્યતા છે કે અમો ઉત્કૃષ્ઠ બનીશું અને બીજાઓને શ્રેષ્ઠ બનાવીશું, તો યુગ અવશ્ય બદલાશે.
૧૮. ‘‘હમ બદલેંગે-યુગ બદલેગા’’, ‘‘હમ સુધરેંગે-યુગ સુધરેગા’’ આ તથ્ય પર અમારો સંપૂર્ણ વિશ્વાસ છે.